# સહૃદય ભાવકનો નિખાલસ પ્રતિભાવ | પ્રફુલ્લ રાવલ

**['આંગળી ચીંધ્યાનું પુણ્ય'** : લેખક : વિનોદ ભટ્ટ, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ-૧, આવૃત્તિ : પહેલી, ૨૦૧૦, કિં. રૂ. ૧૫૦/-]

વિનોદ ભટ્ટ ગુજરાતી સાહિત્યના ગણનાપાત્ર હાસ્યલેખક છે. એમના હાસ્યલેખનથી તેઓ સુખ્યાત છે, પરંતુ એ સારા વાચક પણ છે. વાંચવું એમને વધુ ગમતું. સારું વાંચવાનું મળે તો લખવાનું બાજુએ મૂકી દે. એમણે અઢળક વાંચ્યું છે. એ દૃષ્ટિએ એ વાંચનસમૃદ્ધ છે. વળી વાંચ્યા પછી એના કર્તાને પ્રતિભાવ પણ આપવાનું ચૂકતા નથી. વળી ક્યારેક મિત્રોને ઉત્સાહથી એની વાત પણ કરે છે. વાંચે છે તે નિજાનંદ ખાતર. એમણે 'ચિત્રલેખા'ની એમની કૉલમમાં જે પુસ્તક વાંચ્યું તે પુસ્તકનું અવલોકન આપ્યું છે. એમની પોતાની શૈલીમાં એ ટૂંકા અવલોકન-લેખો એમની વાચનરુચિને નિર્દેશે છે. એ લેખોને એમણે યોગ્ય રીતે 'આંગળી ચીંધ્યાનું પુણ્ય' એ નામે પ્રસિદ્ધ કર્યા છે. એમાં બોતેર લેખો છે. જોકે રૂઢ અર્થમાં એ વિવેચનલેખો નથી અને એમનું લક્ષ્ય પણ વિવેચન કરવાનું નથી. એમણે પ્રસ્તાવનામાં સ્પષ્ટ લખ્યું છે :

'અવલોકન માટે આવેલ પુસ્તક વાંચતાં કે વાંચી રહ્યા બાદ મારી જાતને પૂછું છું કે આ પુસ્તક મારા ખુદના પૈસે ખરીદવાનું મને ગમે ખરું ? જવાબ જો હામાં આવે તો એ પુસ્તક વિશે હું ચોક્કસ લખું. બાકી, મારા રિવ્યૂને આધારે કોઈ એ પુસ્તક ખરીદે ને વાંચીને સાવ નિરાશ થાય તો મને વિશ્વાસભંગ કરવા જેવું લાગે. આ કારણે મારો પક્ષપાત અને વફાદારી વાચક તરફ વિશેષ રહ્યાં છે.' (પૃ. ૬)

વિનોદભાઈનો આશય એમને ગમેલ પુસ્તકથી વાચક પણ અવગત થાય તેવા ઉમદા ખ્યાલથી અવલોકન-લેખ કર્યો છે. અને એ અવલોકન વાંચ્યા પછી એ પુસ્તક વાંચવાનું કે ખરીદવાનું મન થાય એવી એમની અભિલાષા છે. આ અવલોકનો એમણે એમની હળવી શૈલીમાં લખ્યાં હોવા છતાં ક્યાંક વિવેચનાનું તત્ત્વ પ્રવેશ્યું છે એટલું ચોક્કસ. આ વિવેચનમાં કર્તા કે કૃતિને પ્રોત્સાહિત કરવાનું વલણ સ્પષ્ટ દેખાય છે. એટલે તો એમની ઊજળી બાજુને પ્રકાશિત – enlighten કરવાની ગતિ રહી છે. એ અર્થમાં એમણે આંગળી ચીંધ્યાનું પુણ્યકાર્ય કર્યું છે.

આ લેખો કોઈ ચોક્કસ સાહિત્ય-સ્વરૂપ કે પ્રકારને અનુલક્ષીને લખાયા નથી. અહીં કવિતાનાં અવલોકનો છે તો ટૂંકી વાર્તા ને નિબંધનાં અવલોકનો પણ છે. સંપાદન, બાળસાહિત્ય, ચરિત્રાત્મક પુસ્તકો ને અનૂદિતને દૂર રાખ્યાં નથી. અહીં આત્મકથાનાં પુસ્તકોનાં અવલોકનો વધુ છે. આ લેખો દ્વારા ગુજરાતી ભાષામાં જે સાહિત્ય પ્રસિદ્ધ થાય છે તેનો ખ્યાલ મળી રહે છે. મહદંશે એમની રુચિ શિષ્ટ સાહિત્યની રહી છે. ક્યારેક પ્રજાપ્રિય પુસ્તક પણ એમને આકર્ષી ગયું છે !

પુસ્તક વિષે લખતાં ક્યારેક ટૂંકમાં કર્તા વિશે લખવાનું બન્યું છે. આ અવલોકનો રુચિર બન્યાં છે એની સરળ આડંબરરહિત ગદ્યશૈલીથી. વ્યવહારમાં વપરાતું ગદ્ય પણ રસભર હોઈ શકે તેની પ્રતીતિ આ અવલોકનો કરાવે છે.

વિનોદ ભટ્ટની કવિતા પ્રસિદ્ધ થઈ હોવાનું સ્મરણ નથી પણ એમણે કવિતા વાંચી છે, માણી છે જરૂર. એટલે તો તેઓ આમ અવલોકી શકે છે : 'પણ સાચું પૂછો તો મારા જેવા ભાવકોને કૃષ્ણની કવિતામાં પણ વહેરાતાં લાકડાંની ચીસ સંભળાતી હશે.' (પૃ. ૫) વળી લખે છે : 'આ કવિનું મોટું સુખ એ છે કે એની કવિતાના અર્થ બેસાડવામાં માથું ખંજવાળવાની વાચકને જરૂર નથી પડતી. વિદ્વાન દેખાવાનો એને સહેજ પણ અભરખો નથી. કદાચ આ કારણે બોલચાલની ભાષામાં લખાયેલી એની કવિતા વધારે આકર્ષે છે.' (પૃ. ૫) અહીં કૃષ્ણ દવેની કવિતા સંદર્ભે ન સમજાતી ગુજરાતી કવિતા તરફ આડકતરો કટાક્ષ છે. 'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' સંદર્ભે એમણે સૂચક રીતે નોંધ્યું છે – 'પાંચ વર્ષની કાળી, પણ વિવેકપૂર્ણ મજૂરી દ્વારા એ સંપાદિત થયો છે.' (પૃ. ૭૫) વળી એમનું નિરીક્ષણ આવું છે, 'મેજર પોએટ્સની વૈવિધ્યસભર કવિતાઓ એકસાથે મૂકી આપીને જે-તે કવિઓની છટા, એમની મુદ્રાને ભાવકો સામે ખોલી આપી છે. આ ગ્રંથની પ્રસ્તાવના વાંચતાં ખ્યાલ આવી જશે કે સંપાદકોએ અહીં ધૂળધોયાનો ધંધો કેવળ કાવ્યપ્રીત્યર્થે કરીને એક ઍકેડેમિક કાર્ય સફળતાપૂર્વક પાર પાડ્યું છે.' (પૃ. ૭૬)

'પરોઢિયે કલરવ'નું અવલોકન કરતાં એ ગુણવંત શાહને 'કાન અને આંખના' લેખક તરીકે ઓળખાવીને વળી નોંધે છે, 'ગુણવંત પાસે આગવું ગદ્ય છે, પોતીકો અવાજ છે, છતાં એ અવાજ વિદ્વત્તાના ભાર હેઠળ ગૂંગળાઈ ન જાય એનું એ પૂરતું ધ્યાન રાખે છે. એમના ગમા-અણગમાય તીવ્ર છે, જે એમનાં લખાણમાં ડોકાયા કરે છે.' (પૃ. ૧૨)

રતિલાલ બોરીસાગરને વિનોદ ભટ્ટ 'પ્રથમ પંક્તિના હાસ્યકાર' ગણે છે અને '' 'જ્ઞ'થી 'ક' સુધી'' એ સંગ્રહને 'ગંભીર અને ફિલસૂફીથી ભરેલી કૃતિને આંખ સામે રાખીને, એ કૃતિની શૈલીનો વિનિયોગ કરીને હાસ્ય-વ્યંગની કેવી મજાની કૃતિ સર્જી શકાય એનો આ પુસ્તક એક ઉત્કૃષ્ટ નમૂનો' (પૃ. ૨૪) ગણે છે. વળી 'હસાવવા માટે થઈને લેખક ક્યાંય સ્થૂળ કે સસ્તા થયા નથી' (પૃ. ૨૪) એવું નોંધીને એમના હાસ્યની ઊંચાઈને વ્યક્ત કરી છે.

રમણીક અરાલવાળાના 'સાંદીપનિનાં રેખાચિત્રો'થી વિનોદ ભટ્ટ ખાસ્સા પ્રભાવિત ને પ્રસન્ન થયા છે. એટલે તો એમનું નિરીક્ષણ વિવેચનાલક્ષી બન્યું છે. એમણે લખ્યું છે, 'આ પુસ્તક વાંચ્યા બાદનો મારો પ્રતિભાવ એ જ છે કે ૧૯૩૫થી ૧૯૪૦ના ગાળામાં, આજથી પાંસઠેક વર્ષ પહેલાં પણ આટલું ફાંકડું, સફાઈદાર, સશક્ત, આકર્ષક અને જીવંત ગદ્ય લખાતું હતું ! પુસ્તકમાં કુલ બાર રેખાચિત્ર છે, જે વાંચતી વખતે કોઈ મજાની વાર્તા વાંચતા હોઈએ એવી અનુભૂતિ એ અનાયાસ કરાવે છે.' (પૃ. ૩૩) અને 'આ લેખક પાસે અમાપ શબ્દભંડોળ છે, શબ્દસમૃદ્ધિ છે, છતાં એ સહેજ પણ શબ્દાળુ થયા વગર પોતાની વાત સચોટપણે મૂકી આપે છે. રમણીકભાઈ મૂળ તો કવિ-આત્મા છે એટલે એમના ગદ્યમાં પણ વાચકને કવિતાની સોડમ આવે છે.' (પૃ. ૩૪)

'અમારો બાપ અને અમે' એ ડૉ. નરેન્દ્ર જાધવની આત્મકથા છે જેનો અનુવાદ કિશોર ગૌડે કર્યો છે. એનું અવલોકન કરતાં વિનોદ ભટ્ટે અનેક અવતરણો ટાંકીને છેલ્લે તારણ આપ્યું છે : 'આ પુસ્તકની વિશેષતા એ છે કે એમાં કોઈ ઠેકાણે કટુતા કે અવમાનનો ભાવ નથી, માત્ર જાધવ પરિવારની કથા જ નિરૂપી છે. આડંબર વગરની આ સાચકલી આત્મકથાનું દસ્તાવેજી મૂલ્ય પણ ઘણું મોટું છે' (પૃ. ૪૦)

સંતપ્રસાદ ભટ્ટ અર્થાત્ એસ. આર. ભટ્ટના પુસ્તક 'શેક્સપિયર'નું અવલોકન કરતાં વિનોદ ભટ્ટે આદરથી લખ્યું છે, 'ભટ્ટસાહેબ અંગ્રેજી, ગુજરાતી તેમ જ સંસ્કૃત ભાષાના પણ

ખાં હતા, જેનો પરચો આપણને આ ગ્રંથ વાંચતાં મળી રહે છે. એમનું ગદ્ય પણ બેનમૂન છે. સ્થળસંકોચને કારણે એના નમૂના ટાંકી શકતો નથી એનો અફસોસ છે, પણ આ પુસ્તક વાંચનાર ભાવક મારી પેઠે ન્યાલ થઈ ગયાની લાગણી અનુભવશે એ વાત નક્કી.' (પૃ. ૫૨)

'લતા – એક દંતકથા' એ હરીશ ભીમાણીકૃત ચરિત્રાત્મક પુસ્તકનો શરદ ઠાકરે અનુવાદ કર્યો છે. 'ડૉ. શરદ ઠાકરે સહેજ પણ શબ્દાળુ બન્યા વગર રસાળ શૈલીમાં આ પુસ્તકનો ફાંકડો અનુવાદ કર્યો છે. પુસ્તક વાંચતી વખતે આ અનુવાદ છે એવો અણસાર સુધ્ધાં આવતો નથી' (પૃ. ૫૫) એવું વિનોદ ભટ્ટનું માનવું છે. 'ચક્રથી ચરખા સુધી'ના લેખક દિનકર જોશીને એમણે 'મજૂરલેખક' તરીકે ઓળખાવ્યા છે અને આ અભ્યાસપૂર્ણ પુસ્તકમાં 'કૃષ્ણનો ધર્મ અને ગાંધીજીનું સત્ય, કૃષ્ણની હિંસા અને ગાંધીની અહિંસા, કૃષ્ણની અશુદ્ધિ અને ગાંધીની શુદ્ધિ જેવા અનેક વિષય પર લેખકે સરળ, રસપ્રદ અને તર્કબદ્ધ દાખલા-દલીલો સાથે ખુલ્લા મનથી ચર્ચા કરી છે' (પૃ. ૫૭) એની જિકર કરી છે.

પ્રતિમા બેદીની આત્મકથા 'ટાઇમપાસ' વિનોદ ભટ્ટને 'એક સાચકલી, પ્રામાણિક, સાવ ખુલ્લી (અને કેટલાકને તદ્દન નિર્લજ્જ લાગે એવી) આત્મકથા કેવી હોઈ શકે એનો એક આદર્શ નમૂનો લાગ્યો હતો.' (પૃ. ૭૧)

લક્ષ્મણ ગાયકવાડની આત્મકથાના અનુવાદને 'અનુસર્જન' કહે છે અને મોહમ્મદ માંકડને 'સવ્યસાચી' કહીને 'એમને કળા અને કસબ બંને હસ્તગત છે' (પૃ. ૧૦૦) એવું લખે છે.

'સઆદત હસન મન્ટો – કેટલીક વાર્તાઓ', 'ધોધમાર', 'અવસર આવ્યા આંગણે', 'અહા, કેટલી સુંદર', 'વાટે-ઘાટે', 'ન હન્યતે', 'હેલો સૂર્યા', 'વિશ્રંભકથા' જેવી સર્જનાત્મક કૃતિઓનાં અવલોકનો સાથે 'એક હજાર વર્ષના ઘડવૈયાઓ', 'ગુજરાત : ૧૮૫૭', 'મારા અનુભવો', 'પૌરાણિક ચરિત્રકોશ', 'કહેવતકોશ', 'અતુલ્ય ભારત', 'તમારી કિડની બચાવો' જેવા વિવિધ વિષયોનાં અવલોકનો પણ અહીં આમેજ કર્યાં છે.

સાવ સરળ શૈલીમાં લખાયેલાં આ અવલોકનો સહૃદય ભાવકના નિખાલસ પ્રતિભાવ સમા છે. ભાવક વિનોદ ભટ્ટની રસ ને રુચિનાં દ્યોતક છે.